# સે-૭ અને સે-૨૧ માં લાયસન્સ વગર ધમધમતી ફટાકડાની લારીઓ પર સપાટો

## બંને સેક્ટરોમાંથી મળીને ૧૯ લારીઓ પરથી ફટાકડાનો મોટો જથ્થો જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૮ ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ શાખાના અધિકારી મહેશ મોડ અને તેમની ટીમે આજે ફરી ગેરકાયદેસર લાયસન્સ વગર ધમધમતી ફટાકડાની લારીઓ પર સપાટો બોલાવી ફટાકડાનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. શહેરનાં સે-૨૧ ખાતેથી ચારેક દિવસ પહેલા લારીઓ અને ગલ્લાઓ પરથી ફટાકડાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ફરીથી આ વેપારીઓ ગેરકાયદેસર રીતે વેપલો કરવા બેસી જતા આજે ફરી સે-૨૧ અને સે-૭ માં દબાણ શાખાએ દરોડા પાડીને સપાટો બોલાવ્યો હતો. બંને સેક્ટરોમાંથી ગેરકાયદેસર રીતે ધમધમવા લાગેલી ૧૯ લારીઓમાંથી ફટાકડાનો લાખોની કિંમતનો માલ જપ્ત કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



# શહેરમાં દિવાળીનો માહોલ ચોતરફ જામ્યો

ગાંધીનગર, તા.૨૮ શહેરમાં દિવાળીનો માહોલ ચારેબાજુ જામ્યો છે. સાંજ ઢળતા જ ઘરમાં પુરાઈ જતા નગરજનો ખરીદી કરવા મોડેસુધી બજારોમાં નજરે પડી રહ્યા છે. શહેરના બજારો માનવ મહેરામણથી ધમધમે છે. શહેરના માર્ગો પર વાહનોની અવર-જવર વધતા ટ્રાફીકની સમસ્યા પણ સર્જાય છે. દિવાળીની છેલ્લી ઘડીની ખરીદી કરવા નાગરીકો પણ પડાપડી કરી રહ્યા છે. બજારોમાં વિવિધ ચીજવસ્તુની ખરીદી સાથે પુજાપાનો સામાન તેમજ ફુલહારની મૌસમ પણ ખીલી ઉઠી છે. જયારે શહેરમાં રાત્રીના સમયે આતશબાજીના અવાજો સંભળાય છે તેમજ વિવિધ ફટાકડાઓથી આકાશ પણ રંગબેરંગી ભર્યું લાગે છે. શહેરમાં દિપાવલીના પર્વથી જાણે અનોખો માહોલ સર્જાયો છે.



ગાંધીનગર શહેરમાં દિવાળીની ખરીદીનો માહોલ જામ્યો છે. શહેરના બજારોમાં છેલ્લા દિવસોમાં છેલ્લી ખરીદી કરવા માનવોનું કીડીયારુ ઉભરાયું હોય તેવું લાગી રહ્યું છે. દિવાળીનું વેકેશન પડતા જ બાળકોના કલરવથી ઘર ગુંજી ઉઠયા છે. શહેરના મુખ્ય બજારોમાં વિવિધ ચીજવસ્તુની ખરીદી કરવા નાગરીકો બજારોની ગલીઓ ખુંદી વળ્યા છે. શોંપીગ મોલમાં પણ અત્યારે હાલ પગ મુકવાની જગ્યા નથી.

બજારોમાં મંદીની જગ્યાએ અચાનક તેજી આવી ગઈ છે. શહેરમાં કરોડો રુપીયાની ખરીદી થવા પામે છે. જયારે નગરમાં વસવાટ કરતા સૌ કોઈ પોતાને લગતી ખરીદી માટે બજારમાં લાઈનો લગાવતા બજાર મોડીરાત સુધી ધમધમે છે. જયારે કામ કરતા કારીગરોને જમવાનો પણ સમય મળતો નથી. અત્યારે માત્રને માત્ર વેપાર જ ચો તરફ દેખાઈ રહ્યો છે. શહેરમાં દિવાળીનો માહોલ ચો તરફ જામતા નાગરીકો ખુશ જણાઈ રહ્યા છે.

## ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં નૂતનવર્ષના દિવસે અન્નકૂટના દર્શન

સેકટર-૩૦, ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે તારીખ ૩૧-૧૦-૨૦૧૬ સોમવાર નૂતનવર્ષના દિવસે સાંઈબાબાની સવારની કાકડ આરતી ૪.૩૦ કલાકે થશે જયારે અન્નકૂટ દર્શનનો સમય સવારે ૬.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી રહેશે. સાંજના ધુપ આરતી ૬.૩૦ કલાકે કરવામાં આવશે. લાભ પાંચમ તારીખ ૫-૧૧-૨૦૧૬ શનિવાર સુધી મંદિરમાં આખો દિવસ દર્શનનો લાભ મળશે. સર્વે ધર્મપ્રેમીઓ અને જાહેર જનતા તથા સાંઈ ભકતોને આરતી અને અન્નકૂટ દર્શનનો નૂતન વર્ષના શુભ અવસરે લાભ લેવા પ્રમુખશ્રી સિંધી પંચાયત દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## કોર્પોરેટ જીતુ રાયકા રાજ્યના ઉપપ્રમુખપદે, ભાવેશ દેસાઈ ગાંધીનગર શહેર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખપદે

ગાંધીનગર, તા. ૨૮ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસની ચૂંટણી યોજાઈ ગઈ. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર જીતુ રાયકા રાજ્યના ઉપપ્રમુખપદે ચુંટાઈ આવ્યા છે. તથા ભાવેશ દેસાઈ ગાંધીનગર શહેર/જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખપદે જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા છે. તથા ગાંધીનગર શહેર જિલ્લા યુથ કોંગ્રેસ ઉપપ્રમુખપદે યુનુશ પરમાર, અહેમદ મનસુરી તથા શિખા દેસાઈ તેમજ મહામંત્રીપદે અશોક ઠાકોર, મેહુલ રાઠોડ તથા મિહિર પટેલ ચુંટાઈ આવ્યા છે.

આ પહેલા અગાઉની યુથ કોંગ્રેસની ચૂંટણીમાં જીતુ રાયકા, રાજ્યના મહામંત્રી પદે રહી ચુક્યા છે. તથા ભાવેશ દેસાઈ ગાંધીનગર ઉત્તર વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખપદે રહી ચુક્યા છે. આ વખતે ફરી તેઓ શહેર જિલ્લા પ્રમુખપદે ચૂંટાઈ આવેલ છે.

## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મીઠાઈ-ફરસાણના ભાવ નક્કી કરાયા

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સારી ગુણવત્તાવાળી મીઠાઈ અને ફરસાણ સસ્તા ભાવે મળી રહે તેવા ઉમદા આશયથી જિલ્લા વહીવટી તંત્ર અને મીઠાઈ-ફરસાણના વેપારીઓની તાજેતરમાં બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી નિશાબેન શર્મા અને મીઠાઈ-ફરસાણના વેપારીઓ વચ્ચે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સારી ગુણવત્તાવાળી મીઠાઈ અને ફરસાણના ભાવો વિશે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સર્વાનુમતે મીઠાઈ અને ફરસાણના ભાવો ગ્રાહકોના હિતને ધ્યાનમાં લઈ નક્કી કરવામાં આવ્યા છે. જે અંતર્ગત વનસ્પતિ ઘીની મીઠાઈના ભાવ રૂ. ૨૦૦, માવાની મીઠાઈના ભાવ રૂ. ૪૦૦, મીક્ષ ચવાણુ રૂ. ૧૮૦ અને પેંડા રૂ. ૩૬૦ પ્રતિકિલોના ભાવે વેચાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮ ધનતેરસનો દિવસ ભગવાન ધન્વતરિનો પ્રાગટ્ય દિવસ હોવાથી તેને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, કોલવડા તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે આજરોજ પ્રથમ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અને ડાયાબીટીશ અવેરનેસ કાર્યક્રમનું સવારના ૭.૩૦ થી ૧.૦૦ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ, જિલ્લા સદસ્ય જયેશભાઈ ચૌધરીના હસ્તે ભગવાન શ્રી ધન્વંતરિનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડાયાબીટીશ આયુર્વેદ નિદાન સારવાર શિબિર અને ડાયાબીટીશ ઓ.પી.ડી.નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ડાયાબીટીશના નિયંત્રણ માટે આહાર-વિહારના મહત્વ અને માર્ગદર્શન માટે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયુર્વેદ કેમ્પમાં ડાયાબીટીશ નિયંત્રણ માટે આશરે ૩૦૦ દર્દીઓએ લાભ લીધો હતો.



આ આયુર્વેદ કેમ્પ શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ, ગાંધીનગર, આયુર્વેદ વ્યાસપીઠ, આરોગ્ય ભારતી તેમજ એન.એમ.ઓ.ના સૌજન્ય અને સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં વૈધ ફાલ્ગુન પટેલ, વૈધ દક્ષેતન ત્રિવેદી અને વૈધ મયુર પટેલે સેવા આપી હતી.

सत्यमेव जयते

# જગતના તાતને કેન્દ્ર તથા રાજ્ય સરકારની દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છાઓ



- રાજ્ય સરકાર દ્વારા એક લાખ મે. ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે પ્રથમ તબક્કે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી.
- કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા નાફેડ અને ગુજકોટ મારફત મગફળીના ટેકાના ભાવે રૂ. ૪૨૨૦ પ્રતિ ક્વિન્ટલ ખરીદીનો નિર્ણય લાભ પાંચમથી ખરીદીની શરૂઆત.
- ખરીદી શરૂ કરવા માટે વિસ્તારવાર ૫૮ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે, જરૂર જણાયે વધારાના કેન્દ્રો પણ શરૂ કરવામાં આવશે.
- નિયત ગુણવત્તાવાળી મગફળીની એટલે કે જાડી મગફળીમાં ૬૫નો ઉતારો અને ઝીણી મગફળી માટે ૭૦નો ઉતારો અને ૮ ટકા ભેજ સુધીની મગફળી ખરીદવામાં આવશે.
- મગફળીના વેચાણ માટે આવતા ખેડૂતોએ ૭/૧૨, ૮-અની નકલ તથા તેઓના બેંકના ખાતાની પાસબુક તથા ફોટો-ઓળખપત્ર સાથે લઇ આવવાનું રહેશે.
- વેચાણ થયેલ મગફળીના નાણા ગુજકોટ/નાફેડ દ્વારા સરકારશ્રીના નિયમ મુજબ ખેડૂતના ખાતામાં પાંચ દિવસમાં સીધા જમા કરવામાં આવશે.



શ્રી નરેન્દ્ર મોદી
માન. વડાપ્રધાનશ્રી

આ સરકાર ખેડૂતોના વિકાસ માટે કટિબધ્ધ છે.
ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે અને નૂતન વર્ષ વધુ સમૃધ્ધિથી શરૂઆત થાય તથા બધા જ ખેડૂતો સુખી થાય તે માટે રાજ્ય સરકારે અનેક નિર્ણયો કરેલ છે.
શ્રી નીતિનભાઈ પટેલ, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુ.રા.



શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રીશ્રી, ગુ.રા.

કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર